SURAT MUNICIPAL CORPORATION

કાર્યપાલક ઈજનેર
સાયન્સ સેન્ટર,
સુરત મહાનગરપાલિકા.

E-mail :- exen.swz@suratmunicipal.org

ફોન નંબર :– (૦૨૬૧) ૨૬૬૩૦૪૯–૫૦
+91 97243-46015
+91 97243-46017
FAX :– 91-0261-42 2110
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ઓફિસ, આદર્શભવનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧.

# ભાવપત્રક

નં.સા.સે./આ.નં.૩૦૭
તારીખઃ– ૦૫/૦૮/૨૦૨૫

પ્રતિ,

----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------
----------------------------------------------------------------------

વિષય :– સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ રોડ સ્થિત સાયન્સ સેન્ટર બિલ્ડીંગના Glass Elevation Panel, Floor Glass અને Roof Glass નું મેઈન્ટેનન્સ અને રીપેરીંગ કરવાનું કામ.

મહાશય,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ રોડ સ્થિત સાયન્સ સેન્ટર બિલ્ડીંગના Glass Elevation Panel, Floor Glass અને Roof Glass નું મેઈન્ટેનન્સ અને રીપેરીંગ કરવાના કામનું ભાવપત્રક નીચે જણાવેલ શરતો મુજબ બંધ કવરમાં તા.૧૯/૦૮/૨૦૨૫ સુધીમાં સાંજે ૫:૦૦ કલાક સુધીમાં **સાયન્સ સેન્ટર, સુરત મહાનગરપાલિકા, મહેશ્વરી સર્કલ, મહેશ્વરી ભવનની બાજુમાં, સીટી લાઈટ રોડ, સુરત–૩૯૫૦૦૭** ખાતે મોકલવાના રહેશે. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈપણ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

## –: શરતો :–

૧. એજન્સી દ્વારા સ્થળ વિઝીટ કરી Glass Elevation Panel, Floor Glass અને Roof Glass નું મેઈન્ટેનન્સ અને રીપેરીંગની કામગીરીને અનુરૂપ લાગત અલગ–અલગ આઈટમની વિગતો સાથે ભાવ (G.S.T. સિવાય) ભરી અત્રે બંધ કવરમાં ભાવપત્રક જમા કરવાનું રહેશે.
૨. એજન્સી દ્વારા પોતાના ખર્ચે સ્થળ વિઝીટ કરવાની રહેશે.
૩. એજન્સી દ્વારા સદરહું સાયન્સ સેન્ટરમાં Glass Elevation Panel, Floor Glass અને Roof Glass ને જરૂર જણાયે સમયાંતરે મેઈન્ટેનન્સ કરવાની વિગત ભાવપત્રક સાથે અલગથી આપવાની રહેશે.
૪. ઈજારદારે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ/ ગુમાસ્તા લાયસન્સની પ્રમાણિત નકલ ભાવપત્રક સાથે રજુ કરવાની રહેશે.
૫. ઈજારદારે સમાન પ્રકારના સરકારી/ અર્ધ સરકારી/ બિન–સરકારી પૂર્ણ કરેલા કામના/ અનુભવના સર્ટીફીકેટ (Form 3A/ Work Completion Certificate)/ વર્કઓર્ડરની પ્રમાણિત નકલ ભાવપત્રક સાથે રજુ કરવાની રહેશે.

૬. ઈજારદારે G.S.T. રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, પી.એફ. સર્ટીફીકેટ, પાનકાર્ડ, આધાર કાર્ડની પ્રમાણિત નકલ ભાવપત્રક સાથે રજુ કરવાની રહેશે.

૭. જો ઈજારદારની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની પ્રમાણિત નકલ ભાવપત્રક સાથે રજુ કરવાની રહેશે.

૮. ઈજારદારે ભરેલ ભાવપત્રકો કોઈપણ સંજોગોમાં પરત લઈ શકાશે નહિ અને શરતી ભાવપત્રક સ્વીકારમાં આવશે નહિ.

૯. કોઈપણ તથા બધા જ ભાવપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

૧૦. તમામ પ્રકારના વેરા/ સરકારી/ અર્ધ સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૧. પ્રવર્તમાન G.S.T. ટેક્ષનું સુરત મહાનગરપાલિકા ધ્વારા અલગથી ચુકવણું કરવામાં આવશે.

૧૨. તમામ પ્રકારના સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૩. આ કામની ગુણવત્તા (Quality) જળવાઈ રહે તે માટે ઈજારદાર દ્વારા ખાસ તકેદારી રાખવાની રહેશે.

૧૪. સદર કામગીરી બાબતે અત્રેના સિવિલ ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

Sd/-
કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,સાયન્સ સેન્ટર.
સુરત મહાનગરપાલિકા.